Mob:7284983769
The Ankleshwar Progressive Education Trust
KHAROD, Tal. Ankleshwar, Dist.Bharuch
(Gujarat)Pin.-394115 Email:Kharodc17@gmail.com
Website:www.coekharodc.org(Grant-in-Aid-college)

મો.૭૨૮૪૯૮૩૭૬૯
ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજ્યુકેશન, ટ્રસ્ટ
મુ.પો. ખરોડ, તા. અંકલેશ્વર, જી.ભરૂચ
(ગ્રાન્ટેડ કૉલેજ) પીન-૩૯૪૧૧૫

## જુનિયર ક્લાર્ક પરીક્ષાની માળખાગત સામાન્ય સૂચનાઓ :

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કૉલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ (ગ્રાન્ટ-ઈન એઈડ),તા. અંકલેશ્વર, જિ. ભરૂચને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક :ક વ ટ/ISC3 / વર્ગ ૩ /NOC/ ૨૦૯૦૯-૧૧ તા. ૨૩-૦૯-૨૦૨૫ થી વર્ગ-૩ની જુનિયર ક્લાર્ક ની જગ્યા ભરવા NOC મળેલ છે. જે અંતર્ગત પ્રાથમિક પેરીક્ષા માટેની અગત્યની સૂચનાઓ નીચે આપ્યા પ્રમાણે છે.

સમગ્ર પરીક્ષા માળખું ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમાનુસાર રહેશે.
જેમાં.. પ્રાથમિક પરીક્ષા માળખું :

| | | |
|---|---|---|
| 1. | Reasoning | 40 Marks |
| 2. | Quantitative aptitude | 30 Marks |
| 3. | English | 15 Marks |
| 4. | Gujarati | 15 Marks |
| | TOTAL | Total 100 Marks |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કામાં જુનિયર ક્લાર્ક માટે પ્રાથમિક પરીક્ષા MCQ- પ્રકારના પ્રશ્નો ધરાવતી OMR પધ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૦૦ ગુણ ની રહેશે પરીક્ષાનો સમય 60 મિનિટનો રહેશે.
- પ્રત્યેક પ્રશ્નો નો ઉત્તર A,B,C,D,E પૈકી કોઈ એક રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ, ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટું કરશે તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહિ.

  દા.ત. નમૂનાનો પ્રશ્ન (૧) આંકડાશાસ્ત્રમાં ૧+૧ = કેટલા થાય?

  A.01 B.02 C.11 D.22 E.ઉત્તર આપવામાં માંગતા નથી. ( Not Attempted)

  જો જવાબ B સાચો હોય તો B પર ઘાટું કરવું

  જવાબ : A.O B.● C.O D.O E.O



Scanned with CamScanner

Mob:7284983769
The Ankleshwar Progressive Education Trust
KHAROD, Tal. Ankleshwar, Dist.Bharuch
(Gujarat)Pin.-394115 Email:Kharode17@gmail.com
Website:www.coekharode.org(Grant-in-Aid-college)

મો.૭૨૮૪૯૮૩૭૬૯
ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજ્યુકેશન, ટ્રસ્ટ
મુ.પો. ખરોડ, તા. અંકલેશ્વર, જી.ભરૂચ
(ગ્રાન્ટેડ કૉલેજ) પીન-૩૯૪૧૧૫

- પરીક્ષા પૂર્ણ થયેથી કૉલેજ વેબસાઈટ(https://www.coekharod.org) ઉપર ક્રમશઃ પ્રોવિશનલ આન્સર કી અને ફાઇનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે.
- જવાબચાવી (Answer Key) ફાઇનલ કરતી વખતે જો સંસ્થા દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઇપણ જવાબ માટે એક (૧) ગુણ મળવાપાત્ર થશે.
- લઘુતમ લાયકી ધોરણ (Qualifying Standard) : પ્રાથમિક પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવતા ધોરણ (Qualifying Standard) ૪૦% રાખવામાં આવેલ છે. ૪૦% કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ( Qualifying Standard) કોઈ પણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહિ.
- જો પ્રશ્નપત્રમાં કોઇ ખામી જણાય અને ઉમેદવાર જો એને ચેલેન્જ કરે અને પ્રશ્નપત્રમાં ખામી પુરવાર થાય તો PRORATA પધ્ધતિથી મૂલ્યાંકન કરવામાં આવશે. જેથી ઉમેદવારને કોઈ નુકશાન થાય નહિ(પરીક્ષા પૂર્ણ થયેથી ૪૮ કલાક ના સમયગાળામાં લેખિતમાં ઇ-મેઇલ (kharode17@gmail.com) મારફતે ચેલેન્જ કરી શકશે..
- ઉમેદવાર બ્લ્યુ/બ્લેક બોલપેનનો ઉપયોગ કરી શકશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહી તથા સફેદ શાહી, બ્લેડ કે રબરથી કે અન્ય કોઈ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહિ.
- પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઈપણ સાહિત્ય ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્ત લેખિત કેપ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલફોન કેલ્કયુલેટર, સ્પાય કેમરા, હેડ ફોન, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે.
- ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઈઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.
- પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની સખ્ત મનાઈ છે.
- પરીક્ષા સ્થળના સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભે સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.
- ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર,ઉતરપત્રની વિગતો ભરવા માટેની સૂચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઈ માહિતી કાળજીપૂર્વક ભરવાની રહેશે.
- પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે કોલ લેટર કમ હાજરીપત્રક પર પોતાનો ફોટો ચોંટાડી સાથે અચૂક લાવવાનો રહેશે,અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.
- પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઇપણ એક ઓળખપત્રની ઓરીજનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.
- નિર્ધારીત પરીક્ષાના સમય કરતા ૦૧ કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર થવાનું રહેશે.
- પરીક્ષાખંડમાં પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ પેહલા પોતાના બેઠક ક્રમક પર બેસી જવાનું રહશે.



Scanned with CamScanner

Mob:7284983769
The Ankleshwar Progressive Education Trust
KHAROD, Tal. Ankleshwar, Dist.Bharuch
(Gujarat)Pin.-394115 Email:Kharode17@gmail.com
Website:www.coekharode.org(Grant-in-Aid-college)

મો.૭૨૮૪૯૮૩૭૬૯
ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજ્યુકેશન, ટ્રસ્ટ
મુ.પો. ખરોડ, તા. અંકલેશ્વર, જી.ભરૂચ
(ગ્રાન્ટેડ કૉલેજ) પીન-૩૯૪૧૧૫

- આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિન અધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઇલ, કેલક્યુલેટર, પેનડ્રાઇવ સી.ડી, સ્માર્ટ વોચ વગેરે જેવા કોઈ પણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો, તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.
- પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહી.
- ઉમેદવારે પરીક્ષા ખંડમાં મોબાઈલ કે સ્માર્ટ વોચ લાવવા નહી.
- ચેતવણી:- સંસ્થા દ્વારા થઈ રહેલ આ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યકિત દ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ ઉપર કોઇપણ જાતની ભલામણ લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરાશે તો તેવા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.
- વિશેષ સૂચના - ઉમેદવારોને લાંચ રુશવત/લાલચ કે છેતરપીડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાન કરવામાં આવે છે.
- પરીક્ષાની તારીખ અને સમય તથા અન્ય સૂચનાઓ સંસ્થાની વેબસાઈટ પર મુકવામાં આવશે.
- ઉમેદવારોને કોલ લેટર ભારતીય ટપાલ ખાતાના સ્પીડ પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે, તથા કૉલેજની વેબ સાઈટ પર(https://www.coekharod.org) પણ મૂકવામાં આવશે.
- પ્રાથમિક કસોટી ફકત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી
- પ્રાથમિક પરીક્ષા પૂર્ણ થયે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની અલગ યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવે.

તારીખ : 06/01/2026

સ્થળ: ખરોડ

પ્રમુખશ્રી/મંત્રીશ્રી

પ્રમુખ/સેક્રેટરી
ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ
ખરોડ તા. અંકલેશ્વર જી.ભરૂચ-૩૯૪૧૧૫



Scanned with CamScanner